G.R.J.D. No.5713 of 6-10-11 &
G.L.H.D.No. CPC-1059/40093-III of 11-6-59)

C.P.C.27(g.Revised)

૨૮– તહોમતનામું
( જુઓ કલમ ૨૨૧,૨૨, ૨૨૩)

ફો.કે.નં:– ૧૦૨૨/૨૦૨૫
**આંક– ૦૪**

હું શ્રી નિમિષા ગંગારામભાઈ સુરતી , એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

તમો આરોપી આકાશભાઈ દિનેશભાઈ પાટડીયા, ઉંમર આશરે ૨૯ વર્ષ, ધંધો :– રીક્ષા ડ્રાઈવીંગ, રહેનાર રબારી વાસ, ગામ માથક, તા.હળવદ, જી.મોરબીનાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

હળવદ પો.સ્ટે.ના પો.સ્ટાફના આ કામના ફરીયાદી સાગરભાઈ ડાયાભાઈ કુરીયા તથા પો. કોન્સ.દિનેશભાઈ હનાભાઈ બાવળીયાનાઓ હળવદ પો.સ્ટે. વિસ્તારમા પ્રોહીબીશન અંગે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા માથક ગામે પહોંચતા ખાનગી રાહે બાતમી મળતા પંચોને બોલાવી બાતમીથી વાકેફ કરી કલાક ૧૯/૦૦ થી ૧૯/૧૦ સુધી પ્રાથમીક પંચનામુ કરી પ્રોહીબીશન એકટ ૧૨૦ બી મુજબનો ઠરાવ કરી માથક ગામે તમો આરોપી આકાશભાઈ દિનેશભાઈ પાટડીયાના રહેણાંક મકાને કલક ૧૯/૩૦ વાગ્યે સાદ કરતા કોઈ હાજર મળી આવેલ નહી અને મકાનના ફળીયામા તપાસ કરતા એક પ્લાસ્ટીકનું બાચકુ પડેલ હોય તેમા જોતા પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકની ૫ લીટરની ક્ષમતાવાળી કોથળીઓ હોય જેથી તે કોથળીઓ બહાર કાઢી જે ગણી જોતા નંગ–૦૬ હોય જે પ્રવાહી ભરેલ તમામ પ્લાસ્ટીકની કોથળીઓના મોઢા ખોલી તેમાનું પ્રવાહી સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમા પુષ્કળ અને તીવ્ર દેશી દારૂ હોય જેથી તમામ કોથળીઓમાથી થોડુ થોડુ પ્રવાહી એક બોટલમા આશરે ૨૦૦ મીલી જેટલુ તપાસ અર્થે ભરી લઈ પંચોની સહીવાળી કાપલી મુકી પો.ઈન્સ.શ્રી હળવદના હોદાનુ લાખ દોરા વાળુ સીલ કરી તપાસણીઅર્થે કબજે કરેલ તેમજ સદરહું પ્લાસ્ટીકની કોથળીઓના મોઢા જેમના તેમ બાંધી દેશી દારૂની કિંમત આશરે ૩૦ લીટર હોય જે એક લીટરના ૨૦૦લેખે ગણી લીટર દેશીદારૂની કુલ કિંમત રૂા.૬૦૦૦/– ગણી તપાસઅર્થે કબજે કરેલ. ત્યારબાદ મકાનમા તપાસ કરતા મકાનન દરવાજા પાસે એક પ્લાસ્ટીકનુ બીજુ બાચકુ પડેલ હોય જેમા જોતા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ ચપલા ભરેલ હોય જેથી ચપલા બહાર કાઢી જોતા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૮ પી.એમ. સ્પેશ્યલ રેર વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની કાચની કંપની શીલ પેક બોટલ નંટ–૮ હોય જેના પર ફોર સેલ ઈન રાજસ્થાન ઓનલી લખેલ હોય જેથી એક બોટલની કિંમત રૂા.૧૨૦/– ગણી લઈ કુલ બોટલ નંગ–૮ ની કિંમત રૂા.૯૬૦/– ગણી તપાસઅર્થે કબજે કરેલ જે બોટલોમાંથી એક બોટલ સેમ્પલ તરીકે કાઢી લઈ તેના ઉપર પંચોની સહી વાળી કાપલી મુકી સોય દોરા વડે બાંધી પો.ઈન્સ.શ્રી હળવદના હોદાનુ સીલ કરી એફએસએલ તપાસણીઅર્થે કલાક ૧૯/૩૦ થી ૨૦/૧૫ સુધીના પંચનામાની વિગતે કાઢેલ અને આમ કરીને વગર પાસ પરમીટે ગે.કા. રીતે દેશી દારૂ તથા ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ મળી આવેલ હોય અને તેમ કરીને તમો આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ ૬૫એ, ૬૫ઈ, ૧૧૬બી મુજબનો શીક્ષા પાત્ર ગુન્હો અમારી હકુમતમા કરેલ છે જેની ઈન્સાફી કાર્યવાહી થવી.

આ ન્યાયાલયના અધિકાર નીચે આવી શકે એવો ગુનો તમે કર્યો છે અને આ ઉપરથી હું આદેશ કરૂં છું કે સદરહુ તહોમત માટે ન્યાયાલય તરફથી તમારા પર કામ ચલાવવામા આવે.

તા:– ૧૯/૦૧/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧

ફો.કે.નં:– ૧૦૨૨/૨૦૨૫

**આંક– ૦૫**

**આરોપીની જુબાની**

**દાહોદના મહે એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ**

મારૂ નામ :– આકાશભાઈ દિનેશભાઈ પાટડીયા,

મારા પિતાનું નામ :– દિનેશભાઈ પાટડીયા

મારી ઉંમર આશરે :– ૨૯ વર્ષ

ધંધો :– રીક્ષા ડ્રાઈવીંગ,

રહેનાર :– રબારી વાસ, ગામ માથક, તા.હળવદ, જી.મોરબી.

**સવાલ** **:–** તમોને ફરીયાદીના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળેલ છે ?

**જવાબ** **:–** હાજી.

**સવાલ :–** તમોને આંક–૦૪ થી ફરમાવવામા આવેલ તહોમતનામા મુજબનો ગુન્હો કબુલ છે કે કેસ આગળ ચલાવવો છે ?

**જવાબ :–** ના જી મને ગુનો કબુલ નથી મારે કેસ આગળ ચલાવવો છે.

તારીખ– ૧૯/૦૧/૨૦૨૬

સ્થળ –હળવદ.

............................................ મારી રૂબરૂ

આરોપીની સહિ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી )
એડીશ્નલ ચીફ જ્યુડી.મેજી.હળવદ.
જી.જે.૦૦૭૧૧